# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એઆઇ એટલે કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી ટેક્નોલોજી ક્ષેત્રે નવકલ્પના લાવવા ઉપર ભાર મૂક્યો છે.

2) ઉત્તરપ્રદેશના વારાણસીમાં દસ દિવસ માટેની કાશી તમિલ સંગમમની ત્રીજી આવૃત્તિનો આજથી આરંભ થયો.

3) ગુજરાતમાં એક મહાનગરપાલિકા, 66 નગરપાલિકા તેમજ 3 તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને વિવિધ સ્થાનિક સ્વરાજ્યની મધ્યસ્થ તેમજ પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે.

4) CBI એ સાયબર ગુનાના કેસની તપાસ હેઠળ હરિયાણા અને દિલ્હીમાં 11 સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી

5) અમેરિકાએ ગેરકાયદેસર પ્રવેશના આરોપસર ભારત પાછા મોકલેલા સો થી વધુ ભારતીયો આજે રાત્રે વિમાન દ્વારા અમૃતસર પહોંચશે.

6) દુબઇમાં યોજાનારી ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા ભારતીય ટીમ આજે રવાના થઇ.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PRESIDENT DRAUPADI MURMU- BIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લોકોના જીવનમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવતી એઆઇ એટલે કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી ટેક્નોલોજી ક્ષેત્રે નવકલ્પના લાવવા ઉપર ભાર મૂક્યો છે. તેઓ રાંચીમાં મેસરા ખાતેની બિરલા ટેક્નોલોજી સંસ્થા- (BIT) ના અમૃત મહોત્સવ સમારંભમાં બોલી રહ્યાં હતાં. તેમણે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં યુવાનોની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિએ પૂર્વ ભારતમાં ટેક્નીકલ શિક્ષણ ક્ષેત્રે મહત્વની કામગીરી કરનાર બીઆઇટી સંસ્થાની પ્રશંસા કરી હતી. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રાષ્ટ્રપતિએ સંસ્થાના સંકુલમાં સંશોધન અને વિકાસ અંગેના પ્રદર્શનનું ઉદ્દઘાટન કર્યું હતું.

**ઉલ્લેખનીય છે કે ઝારંખડની બે દિવસની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે. આ મહોત્સવ લોકોને આદિવાસી સમુદાયોનની ઉદ્યોગસાહસિકતા, હસ્તકલા, સંસ્કૃતિ અને ખોરાક અને વ્યાપારી જીવનનો પરિચય કરાવે છે.**

. . . . . . . . . . . . . . .

## PM - SITHARAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં સંસદમાં કરેલા સંબોધનમાં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા આર્થિક ક્ષેત્રના સુધારાનું સ્પષ્ટ ચિત્ર દર્શાવ્યું છે.

સોશિયલ મીડીયા ઉપર નાણામંત્રીના સંસદમાં અંદાજપત્ર અંગે કરાયેલા સંબોધનને શેર કરતાં શ્રી મોદીએ નાણામંત્રીના અભિગમની પ્રશંસા કરી છે.

. . . . . . . . . . . . . . . .

## PM - BODO COMMUNITY

કેન્દ્રની એનડીએ સરકાર અને આસામની રાજ્ય સરકાર બોડો સમુદાયની આશા આકાંક્ષાઓ પરિપૂર્ણ કરીને તેમને અધિકાર સંપન્ન બનાવવા અથાક પ્રયાસ કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર  મોદીએ સોશિયલ મીડીયા ઉપર જણાવ્યું છે કે આ પ્રયાસો વધુ સઘન બનાવવામાં આવશે. આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ આસામ વિધાનસભાના કોકરાઝાર ખાતેના એક દિવસીય સત્રને લગતી સોશિયલ મીડીયા ઉપર કરેલી પોસ્ટના પ્રતિભાવમાં પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ સોમવારે આસામના કોકરાઝારમાં વિધાનસભાનું એક દિવસીય સત્ર યોજાશે.

. . . . . . . . . . . . . . . .

## CHENNAI KASHI TAMIL SANGAM 3.0

ઉત્તરપ્રદેશના વારાણસીમાં દસ દિવસ માટેની કાશી તમિલ સંગમમની ત્રીજી આવૃત્તિનો આજે આરંભ થયો છે. આ કાર્યક્રમમાં અગસ્થ્યારમુનીએ  ભારતીય ચિકિત્સા પદ્ધતિ, પ્રાચીન તમિલ સાહિત્ય,

દેશની સાંસ્કૃતિક એકતા મજબૂત બનાવવામાં આપેલ યોગદાનની વિગતો કેન્દ્રમાં રખાઇ છે. આ કાર્યક્રમમાં પરિસંવાદો, કાર્યશાળાઓ તેમજ પુસ્તકોનું વિમોચન જેવા કાર્યક્રમો યોજાશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ.મુરૂગન અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ સાંસ્કૃતિક કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો.

(બાઇટ- યોગી આદિત્યનાથ, ઉત્તરપ્રદેશ સીએમ)

વિવિધ મંત્રાલયો અને ઉત્તરપ્રદેશ સરકારના ઉપક્રમે યોજાઇ રહેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમનો હેતુ તમિલનાડુ અને કાશી વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો મજબૂત બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . .

## GUJARAT LOCAL BODY ELECTION

ગુજરાતમાં જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગરપાલિકા તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને વિવિધ સ્થાનિક સ્વરાજ્યની મધ્યસ્થ તેમજ પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણીજંગમાં છે.

આવતીકાલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. 18 ફેબ્રુઆરીએ મતગણતરી થશે. પારદર્શી અને શાંતિપૂર્ણ માહોલમાં

ચૂંટણી યોજાય તે માટે દસ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યાં છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - BUS AVAILABILITY

હવે મહાકુંભ અંગેના સમાચાર

**(મહાકુંભ મ્યુઝિક)**

ઉત્તરપ્રદેશ પરિવહન નિગમે પ્રયાગરાજ ખાતે યોજાઇ રહેલા મહાકુંભમાં આવતાં ભાવિકોને વધુ સુવિધા પુરી પાડવા એસ.ટી.બસોના વધારાના બે હજાર 250 ફેરા આગામી ત્રણ દિવસમાં કરવાનો નિર્ણય લીધો છે.

અમારા સંવાદદાતાએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું... કે ...

(બાઇટ- અભિષેક, સંવાદદાતા)

**(મહાકુંભ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . . . .

## CBI - CYBER CRIME

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBI એ સાયબર ગુનાના કેસની તપાસ હેઠળ હરિયાણા અને દિલ્હીમાં 11 સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી છે.

આ કાર્યવાહીમાં તપાસ સંસ્થાને એક કરોડ રૂપિયાથી વધુની રોકડ, એક હજાર ડૉલર અને સોનાનો જથ્થો મળી આવ્યો છે. સીબીઆઇનું કહેવું છે કે બનાવટી ટેક્નીકલ સપોર્ટના આધારે આરોપીઓ દેશ-વિદેશના લોકો સાથે છેતરપીંડી કરતા હતા.

ઉલ્લેખનીય છે કે સીબીઆઇએ આ કેસમાં 3 આરોપીઓ સામે આરોપનામું દાખલ કર્યું છે.

. . . . . . . . . . . . . . . .

## PUNJAB - DEPORTEES

અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશેલા અને ત્યાંની સરકારે ભારત પાછા મોકલેલા સો થી વધુ ભારતીયોને લઇને અમેરિકાનું ખાસ વિમાન આજે રાત્રે પંજાબના અમૃતસર વિમાનમથકે પહોંચશે.

અમારા જાલંધરના સંવાદદાતા સત્તાવાર સૂત્રોને તાકીને જણાવે છે કે આજે પાછા સ્વદેશ ફરી રહેલા ભારતીયોમાં પંજાબના 60થી વધુ જ્યારે હરિયાણાના 30થી વધુ નાગરિકો છે. આ ઉપરાંત અન્ય નાગરિકો રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ અને ગોવાના છે. એવી જ રીતે વધુ ભારતીયોને લઇને ત્રીજું વિમાન આવતીકાલે અમૃતસર આવી પહોંચે તેવી સંભાવના છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત સિંઘ માને અમેરિકા દ્વારા ભારત મોકલવામાં આવી રહેલા ભારતીય વસાહતીઓને અમૃતસર વિમાનમથકે ઉતારવાની બાબતે કરેલી ટિપ્પણીને ભાજપના પ્રવક્તા આર.પી.સિંઘે વખોડી કાઢી છે. તેમણે સોશિયલ મીડીયા ઉપર કહ્યું છે કે અમેરિકાથી ભારત આવનાર વિમાન માટે અમૃતસરનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક સૌથી નજીક હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ મુદ્દાને રાજકીય સ્વરૂપ નહીં આપવા તેમણે અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . . .

## CRICKET- CHAMPIONS TROPHY

દુબઇમાં યોજાનારી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેવા સુકાની રોહિત શર્માના વડપણ હેઠળની ભારતીય ટીમ આજે રવાના થઇ છે.

આ સ્પર્ધામાં ભારત આગામી 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે પહેલી મેચ રમશે. ત્યારબાદ 23મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને બીજી માર્ચે ન્યૂઝીલેન્ડ સામે ભારતીય ટીમ રમશે.

જસપ્રીત બુમરાહને ઇજા થવાથી તેમનો ભારતીય ટીમમાં સમાવેશ કરાયો નથી. જ્યારે યુવા ખેલાડી અર્શદીપસિંહ, અને હર્ષીત રાણા અને વરૂણ ચક્રવર્તીને તક અપાઇ છે.

. . . . . . . . . . . . . . . .

## ASIAN SENIOR ATHLETICS- RANCHI

ઝારખંડના રાંચીમાં આગામી 3જી થી પાંચમી મે દરમિયાન વરિષ્ઠ ખેલાડીઓ માટેની દક્ષિણ એશિયાઇ એથ્લેટીક્સ સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં ભારત ઉપરાંત શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન અને માલદીવના એથ્લેટો ભાગ લેશે. વર્ષ 2008 પછી ભારતમાં આ સ્પર્ધા ફરી એકવાર યોજાવાની છે.

. . . . . . . . . . . . . . . .

## INDIA - SRILANKA

ભારત અને શ્રીલંકાએ મહત્વના ખનીજો અને તેના ઉત્ખનન ક્ષેત્રે સહકાર મજબૂત બનાવવા મંત્રણા કરી છે. કેન્દ્રીય ખાણ રાજ્ય મંત્રી સતીષચંદ્ર દૂબે અને શ્રીલંકાના ઉદ્યોગ વિકાસ મંત્રી સુનિલ હન્દુનેત્તીએ આજે દિલ્હીમાં દેશના આર્થિક વિકાસની દ્રષ્ટિએ મહત્વના ખનીજો અંગે

ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રસંગે શ્રી દૂબેએ પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે નિર્ધારીત લક્ષ્યાંકો હાંસલ કરવા લીથીયમ, ગ્રેફાઇટ સહિત મહત્વના કાચા માલનો પુરવઠો જળવાઇ રહે તે માટે હાથ ધરાયેલા ભારતીય ક્રિટિકલ મિનરલ મિશન અંગે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . . . .